# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળવાના અવસરને મુખ્યમંત્રીએ ગૌરવ સમાન ગણાવ્યો.**
2. **રાજ્યના ધોરીમાર્ગની કામગીરીની કેન્દ્રીય વાહનવ્યવહાર મંત્રી નિતીન ગડકરીની ઉપસ્થિતીમાં સમીક્ષા કરાઇ.**
3. **રાજ્યભરમાં ખાસ મતદાર સુધારણા અભિયાન અંતર્ગત ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશનની કામગીરી પૂરજોશમાં.**
4. **ભગવાન શ્રીકૃષ્ણની પ્રાચીન નગરીના અવશેષો શોધવા માટે પુરાતત્વ વિભાગની ટીમે જગતમંદિરની નજીક ખોદકામ શરૂ કર્યું.**
5. **એશિયન ફૂટબોલ કોન્ફેડરેસન ક્વોલિફાયરની અમદાવાદ ખાતે રમાયેલી મેચમાં ભારતનો ચાઈનિઝ તાઈપે સામે 3-1થી વિજય.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# COMMON WEALTH

અમદાવાદ **2030**માં શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરશે. **2010**માં નવી દિલ્હી પછી ભારત બીજી વખત આ સ્પર્ધાનું આયોજન કરી રહ્યું છે.

ગ્લાસગોમાં જનરલ એસેમ્બલીમાં **74** કોમનવેલ્થ દેશોના પ્રતિનિધિઓ દ્વારા આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. આ ગેમ્સની યજમાની મળવા માટે મુખ્યમંત્રીએ ગૌરવ સમાન ગણાવ્યું હતું.

## બાઇટ-ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

---

# GADKARI SAMIKSHA BETHAK

નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડિયાની ગુજરાતના હાઇવેની સમીક્ષા બેઠક ગઇકાલે મોડી સાંજે ગાંધીનગર ખાતે યોજાઇ હતી. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીની અધ્યક્ષમાં ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને રાજ્ય સરકારના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે હિંમતનગર નેશનલ હાઈવેની સમીક્ષા પણ કરી. નેશનલ હાઇવેના ગુજરાતના રોડ રસ્તાઓની સમીક્ષા કરાઇ હતી. રાજ્ય સરકાર અને NHAI રોડ રસ્તાઓને સંકલન સાધીને કામગીરી પૂર્ણ કરશે.

ગુજરાતમાંથી પસાર થતા નેશનલ હાઈવેની સ્થિતિ અંગે ગુજરાત સરકાર રજુઆત કરાઇ હતી. નવા બની રહેલા નેશનલ હાઇવેના રોડ અંગેની કામગીરીની પણ ચર્ચા કરવામાં આવી હતી.

---

# MODHVADIYA GBU

બાયોટેકનોલોજી ક્ષેત્રે સમગ્ર  માનવજાતના કલ્યાણ માટે ઉપયોગી પેટન્ટ અને સંશોધન આજના સમયની માંગ છે. કોઈપણ પેટન્ટના કેન્દ્રસ્થાને જીવ કલ્યાણ હોય તે જ સાચું શિક્ષણ છે તેમ, ગાંધીનગર ખાતે આયોજિત બાયોટેકનોલોજી યુનિવર્સિટીના બીજા પદવીદાન સમારોહમાં વિજ્ઞાન અને  ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું.

મંત્રી અર્જુન મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી-GBUનો બીજો પદવીદાન સમારોહ યોજાયો હતો. બાયોટેકનોલોજીના આ સમારોહમાં 94  વિદ્યાર્થીઓને પદવી તેમજ પાંચને સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

## બાઇટ- અર્જૂન મોઢવાડિયા , મંત્રી ગુજરાત

---

# SIR WORK

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 4થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. 2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે.

જેમાં તાપી- સાબરકાંઠા- ગીરસોમનાથ- મહિસાગર- અમરેલી- બોટાદ- અમરેલી- નવસારી જિલ્લામાં 100 ટકા ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જેમાંથી પરત

મળેલા ફોર્મને ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.આ કામગીરીમાં 85.53 ટકા ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે.

ગણતરી દરમિયાન રાજ્યભરમાં 10 લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે 1.5 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 11 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. ઉપરાંત 1.44 લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

---

## DWARKA SARVE ASI TEAM

ભારતીય પુરાતત્વ વિભાગ (એ.એસ.આઈ)ની ઉચ્ચસ્તરી ટીમ દિલ્હીથી દ્વારકા પહોંચી છે. અધિક મહાનિર્દેશક આલોક ત્રિપાઠીની ટીમ દ્વારા દ્વારકા જગત મંદિર આસપાસ સર્વે કરવામાં આવ્યો છે.

તેમજ જગત મંદિર નજીક તરત જ ખોદકામની કાર્યવાહી હાથ ધરીને ભગવાન શ્રીકૃષ્ણની પ્રાચીન નગરી જૂની દ્વારકાના દટાયેલા અને મહત્ત્વપૂર્ણ અવશેષોની શોધ કરાશે. મંદિર નજીક સ્થળનું પૂજન અર્ચન કરી ખોદકામ શરૂ કરવામાં આવ્યું છે.

આ અંગે અધિક મહાનિર્દેશક આલોક ત્રિપાઠીએ વધુ માહિતી આપી.

**(બાઈટ – આલોક ત્રિપાઠી)**

---

# TRAFFIC E CHALAAN

રાજ્યમાં લોકોએ ભારત બિલ ચૂકવણી વ્યવસ્થા – BBPSના માધ્યમથી 18 લાખ રૂપિયાથી વધુની દંડની રકમ ભરી છે. ટ્રાફિક નિયમ ભંગના ઇ-ચલાણ પેટે દંડ ભરવાની પ્રક્રિયાને સરળ અને ડિજિટલ બનાવવા માટે રાજ્ય પોલીસે BBPSની સુવિધા શરૂ કરી છે. પહેલી ઑક્ટોબરથી 24 નવેમ્બર સુધીમાં લોકોએ 18 લાખ રૂપિયાથી વધુની રકમનો ચલાણ દંડની રકમ ઑનલાઈન ભરાઈ છે.

અગાઉ વર્ષ 2023થી "વન નેશન વન ચલાણ" ઍપ્લિકેશન દ્વારા નેટ બૅંકિંગ, ડેબિટ કે ક્રેડિટ કાર્ડ, UPI અને POS મારફતે દંડ ભરવાની સુવિધા હતી.

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 30 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128-મી કડી હશે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને મંતવ્ય ટૉલફ્રી નંબર 1800-11-7800 પર મોકલી શકશે. તેઓ નરેન્દ્ર મોદી ઍપ અથવા MYGOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે.

આ ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને ટૂંકી સંદેશ સેવા – SMSના માધ્યમથી પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકશે. મંતવ્ય સ્વીકારવાનો આવતીકાલ છેલ્લો દિવસ રહેશે.

---

# GARVI GURJARI

**રાજ્યના હસ્ત કલાકારો ગરવી ગુર્જરીના માધ્યમથી હરઘર સ્વદેશી અભિયાનને વેગ આપી રહ્યા છે.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલ**

**(V/C – AJAY INDREKAR)**

*(... રાજ્ય સરકારની સંસ્થા ગરવી ગુર્જરીના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી રાજ્યના કારીગરો માટે નવા આયામ ખૂલ્યા છે. ગરવી ગુર્જરી હાથસાળ-હસ્તકળાની શ્રેષ્ઠ કૃતિઓનું સર્જન કરતા અંતરિયાળ ગામના હજારો કારીગરોના કળા-કસબ તથા પરિશ્રમને લોકો સુધી પહોંચાડે છે. તેમજ તેમના ઉત્પાદનોના વેચાણમાં વધારો કરવાના સતત પ્રયાસ કરે છે. ગાંધીનગરનાં કલમકારી કલાકાર રિદ્ધિ ચાવડા સુંદર કલમકારી એટલે કે, કાપડ પર ચિત્રકામ કરવાની કળા કરીને ભારતીય લોક પરંપરાથી પ્રેરિત સુંદર ચિત્ર બનાવી રહ્યાં છે. ગરવી ગુર્જરી સાથે જ તેમની કળાની નવી સફર શરૂ થઈ હોવાનું તેમણે જણાવ્યું.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

---

# CHOTAUDEPUR SANSAD KHEL MAHOTSAV

**છોટાઉદેપુર ખાતે સાંસદ ખેલ મહોઉત્સવ અંતર્ગત વિવિધ રમતોની સ્પર્ધા યોજાઈ.**

**ફિટ યુવા ફિટ ઇન્ડિયા અભિયાન અંતર્ગત આ સાંસદ ખેલ ઉત્સવ છોટાઉદેપુરના પોલીસ તીરંદાજી ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. છોટાઉદેપુર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ જણાવ્યું કે, આ ખેલ મહોત્સવ સ્થાનિક રમતવીરો માટે આશીર્વાદ સમાન છે.**

**બાઈટ : રાજેન્દ્રસિંહ રાઠવા , ધારાસભ્ય , છોટાઉદેપુર**

---

# FOOTBALL

એશિયન ફૂટબોલ કોન્ફેડરેસન ક્વોલિફાયર **2025** ની અમદાવાદ ખાતે રમાયેલી મેચમાં ભારતનો ચાઈનિઝ તાઈપેની ટીમ સામે **3-1**થી વિજય થયો હતો.

ભારતીય કેપ્ટન દલ્લાલ્મુઓન દ્વારા ગોલની હેટ્રીક કરતાં ભારતનો વિજય થયો હતો. જ્યારે અન્ય એક મેચમાં ઈરાન અને લેબનાનની ટીમો વચ્ચે **1-1** ગોલ સાથે મેચ ડ્રોમાં પરિણમી હતી.

---

# WEATHER

રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીથી રાહત મળી છે. હવામાન વિભાગે આગામી 4 દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નહિવત હોવાનું જણાવ્યુ છે.

ચાર દિવસ બાદ તાપમાનમાં 2થી 3 સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે.દરમ્યાન ગઇકાલે નલિયામાં સૌથી ઓછું 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

---

# DISTRICT - BANDHARAN DAY

રાજ્યભરમાં ગઈકાલે ભારતીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જામનગરમાં કે પી શાહ લો કોલેજ ખાતે ભારતીય બંધારણ દિવસના કાર્યક્રમમાં

આચાર્ય ડૉ વિમલ પરમારે સંવિધાન્ના મહત્વ , ઇતિહાસ અને જાહેર જીવનમાં તેની ભૂમિકા વિષે લોકોને માહિતગાર કર્યા હતા.

છોટા ઉદેપુરના બોડેલી ન્યાય મંદિર ખાતે જ્યુડિસિયલ ઓફિસરોની ઉપસ્થિતિમાં સંવિધાનના આમુખનું વાંચન કરવામાં આવ્યું હતું.

ડાંગ જિલ્લા સેવા સદન ખાતે કલેકટર સહિત નિવાસી અધિક કલેકટર સહિત તમામ કર્મચારીઓએ બંધારણના આમુખનું વાંચન' કર્યું હતું.

મહીસાગર જિલ્લા સરકારી વકીલની કચેરી દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષક સફિન હસનની અધ્યક્ષતામાં સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી

કેન્દ્રશાસિત પ્રદેશ દી વમાં ડૉ બાબા સાહેબની પ્રતિમાને પુષ્પ અર્પણ કરવામાં આવ્યા.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે 'બંધારણ દિવસ'ની ઉજવણી કરાઇ

પાટણમાં પણ બંધારણ દિવસની ઉજવણી કરાઈ. બગવાડા દરવાજા ખાતે ડૉ. બાબાસાહેબની પુર્ણિમાને પુષ્પાંજલિ અર્પણ કરી આમુખનું વાંચન કરાયું હતું.

---

## CIVIL AGNGDAN

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 222 અંગદાતાઓના અંગદાન થકી 713 વ્યક્તિઓને નવજીવન મળ્યું છે. હોસ્પિટલમાં તાજેતરમાં 222મું અંગદાન થયું , જેના થકી એક લીવર અને બે કિડનીનું દાન મળ્યું છે.

અત્યાર સુધીમાં 735 અંગો અને 187 પેશીઓ મળીને કુલ 922 અંગો તેમજ પેશીઓનું દાન પ્રાપ્ત થયું છે. સિવિલ સુપ્રિ. ડૉ રાકેશ જોશીએ જણાવ્યુ કે સમર્પણ ભાવના, શિસ્ત અને ટીમવર્ક સાથે દરેક સ્તરે માર્ગદર્શિકા મુજબ કામ કરવાની પદ્ધતિના લીધે આ મહાકાર્ય સરળતાથી આગળ વધી રહ્યું છે.

---